કોરોના પ્રકોપ

રાજ્યમાં સતત ત્રીજા દિવસે ૧૯૬ નવા કેસ અમદાવાદ 'વુહાન' તરફ : નવા ૧૪૭ કેસ

રાજ્યમાં કુલ ૧૯૩૯ કોરોના પોઝિટિવ : ૭૧ના મૃત્યુ : રિકવર ૧૩૧ : અમદાવાદમાં કુલ ૧૨૪૮ કેસ : ૩૮ મૃત્યુ : ૪૯ રિકવર

હમ એક બને, હમ નેક બને, હમ જ્ઞાનકી જ્યોત જગાએ...

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૪૧ | ૨૧ એપ્રિલ, ૨૦૨૦, મંગળવાર; ચૈત્ર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

સંતોની ક્રૂર હત્યાથી દેશમાં રોષ

૧૧૦ લોકોની ધરપકડ : ભાજપ, સંઘ અને અન્યો સંતોમાં નારાજગીનું મોજુ ફેલાયુ : રાજકારણ શરુ, ફડણવીસે ઉદ્ધવ સરકાર પર સવાલો ઉઠાવ્યા

મુંબઈ, તા. ૨૦

સમગ્ર દેશમાં કોરોના લોકડાઉનની વચ્ચે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં મોબ લિંચિગની શરમજનક ઘટના સામે આવી હતી. અહીં આશરે ૨૦૦ લોકોના ટોળાએ ૨ સાધુ અને ૧ ડ્રાઈવરને મારી-મારીને હત્યા કરી દીધી હતી. ઘટનાને લઈને વિપક્ષ ઉદ્ધવ ઠાકરે સરકાર પર સતત પ્રહારો કરી રહ્યું છે. તો ત્રણ લોકોની કરપીણ હત્યા પર મહારાષ્ટ્ર સરકારે કાર્યવાહી કરતા ૧૧૦ લોકોને કસ્ટડીમાં લીધા છે. તેની માહિતી મહારાષ્ટ્ર મુખ્યમંત્રી કાર્યાલયે આપી છે. એટલે કે ઉદ્ધવ સરકારે આ અંગે ટ્વીટ પણ કરી.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ)એ ટ્વીટ કર્યું, પાલઘરની ઘટના પર કાર્યવાહી કરવામાં આવી છે. જેણે ૨ સાધુ, ૧ ડ્રાઈવર અને પોલીસકર્મીઓ પર હુમલો કર્યો હતો. પોલીસે ઘટનાના દિવસે તે તમામ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ ગુનો અને શરમજનક કૃત્યના ગુનેગારોને કઠોર સજા આપવામાં આવશે.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, પાલઘરમાં જે ક્રૂરતાની સાથે મોબ લિંચિંગ થયું, તે માનવતાને શર્મસાર કરનાર છે. હું એક ઉચ્ચ સ્તરીય તપાસની માગ કરુ છું. જલદી કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

● અનુસંધાન પાના - ૭

પાલઘર મોબલિંચિંગ અંગે અમિત શાહે ઉદ્ધવ પાસેથી રિપોર્ટ માંગ્યો

અમિત શાહે ગંભીર નોંધ લઇને ઉદ્ધવ સાથે વાત કરી : બનાવ અને હુમલાખોરોને પકડી પાડવા માટે લેવાયેલા પગલાઓ સંદર્ભે ઉદ્ધવ ઠાકરેએ આપેલી માહિતી

નવીદિલ્હી, તા. ૨૦

મહારાષ્ટ્રના પાલઘરમાં સંતોની નિર્મમ હત્યામાં ઉદ્ધવ ઠાકરેની સરકાર ચારેબાજુથી જોરદારરીતે ફસાઈ ગઈ છે. આ ઘટનાની ગંભીર નોંધ લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથે ફોન પર વાત કરી હતી અને તમામ માહિતી મેળવી હતી. સાથે સાથે આ સંદર્ભમાં રિપોર્ટ સોંપવા માટે પણ આદેશ કર્યો હતો. બદલામાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, પાલઘર વિસ્તારમાં ત્રણ લોકોની હત્યાના સંદર્ભમાં જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે. ટેલિફોન પર થયેલી વાતચીત દરમિયાન ઠાકરેએ બનાવના સંદર્ભમાં અમિત શાહને માહિતી આપી હતી. સાથે સાથે આ બનાવમાં સામેલ રહેલા લોકોને પકડી પાડવા માટે લેવામાં આવી રહેલા પગલાની પણ માહિતી આપી

● અનુસંધાન પાના - ૭

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૨૪૪૩૦૩૬	૧૬૭૯૨૬	૯૯૮૨૪૩
ભારત	૧૮૪૨૦	૫૮૬	૩૧૨૧
ગુજરાત	૧૯૩૯	૭૧	૧૩૧
ગાંધીનગર	૧૭	૦૨	૧૩

દુનિયાભરમાં કોરોના કહેર જારી

વિશ્વમાં કોરોનાના કેસો ૨૪ લાખથી વધુ : મોતનો આંકડો વધીને ૧૬૫૦૭૩ ઉપર પહોંચ્યો : દુનિયાના કોઇ દેશને કોરોના વાયરસને રોકવામાં સફળતા મળી રહી નથી : અમેરિકા સહિતના દેશો નિસહાય દેખાયા

નવી દિલ્હી,તા. ૨૦

કોરોના વાયરસનો ખતરનાક તાંડવ દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. સુપરપાવર અમેરિકા સહિતના દેશો પણ કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. કારણ કે કેસો અને મોતનો આંકડો તો અવિરત રીતે વધી રહ્યો છે. આજે દુનિયાના ૨૧૦ દેશોમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૪૦૭૪૧૪ ઉપર પહોંચી ગઈ હતી. જ્યારે કુલ મોતનો આંકડો ૧૬૫૦૭૩ ઉપર પહોંચી ગયો છે. દુનિયાના દેશોમાં ૫૪ હજારથી વધારે લોકો હજુ પણ ગંભીર

બનેલા છે. જેના કારણે મોતનો આંકડો હજુ ખુબ ઉપર પહોંચી શકે છે. એકલા અમેરિકામાં મોતનો આંકડો ૪૦ હજારથી ઉપર પહોંચી ગયો છે. દુનિયાના ૨૧૦ કરતા વધારે દેશો કોરોનાના કારણે

● અનુસંધાન પાના - ૭

કોરોનાનું કોકડું ઉકેલવા ટ્રમ્પ અમેરિકી નિષ્ણાંતોની ટીમ વુહાન મોકલવાની તૈયારીમાં

વોશિંગ્ટન,તા.૨૦

કોરોના વાયરસની મહામારીએ દુનિયામાં એક પ્રકારની બેચેની ઉભી કરી દીધી છે. અમેરિકા સતત આ મહામારી માટે ચીનને જવાબદાર ગણાવી રહ્યું છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આર-પારની લડાઈના મૂડમાં છે. હવે આ મહામારીની તપાસને લઈ અમેરિકા ચીનમાં પોતાના કેટલાંક એક્સપર્ટસને મોકલવા માંગે છે જેથી કરીને આ બીમારીની ઉપજની તપાસ કરી શકાય. ટ્રમ્પે સંકેત આપી દીધા કે તેઓ ચીનમાં પોતાના એક્સપર્ટસ મોકલવા માંગે છે જેથી કરીને કેસની તપાસ કરી શકાય.

ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન ચેતવણી આપી હતી કે ચીનને તેની સજા ભોગવવી જ પડશે. અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું કે અમે ચીની અધિકારીઓ સાથે ઘણા સમય પહેલાં વાત કરી હતી કે અમે અંદર જવા માંગીએ છીએ. અમે જોવા માંગીએ છીએ કે વુહાનમાં શું થઈ રહ્યું છે, શું ચાલી રહ્યું છે. પરંતુ તેઓ અમારું સ્વાગત કરવા માટે તૈયાર નથી.

છેલ્લે... છેલ્લે...

● દેશના રાજ્યોની છેલ્લી પરિસ્થિતિ

મહારાષ્ટ્ર	૪૬૬૬
દિલ્હી	૨૦૦૩
ગુજરાત	૧૯૩૯
રાજસ્થાન	૧૫૩૫
તામિલનાડુ	૧૫૨૦
મધ્યપ્રદેશ	૧૪૮૫
ઉત્તરપ્રદેશ	૧૧૮૪
તેલંગાણા	૮૭૨
આંધ્રપ્રદેશ	૭૨૨
કર્ણાટક	૪૦૮
કેરળ	૪૦૭
કાશ્મીર	૩૬૮
પ. બંગાળ	૩૩૯

મુંબઈમાં ૫૩ પત્રકાર કોરોના પોઝિટિવ આવ્યા

ઇલેક્ટ્રોનિક મિડિયાના પત્રકારોની સંખ્યા વધુ

નવી દિલ્હી, તા. ૨૦

દેશમાં કોરોના-૧૯નો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. મુંબઈમાં ૩૦ પત્રકારો કોરોના પોઝિટિવ આવ્યા છે જેમાંથી મોટાભાગના પત્રકારો ઈલેક્ટ્રોનિક મિડિયા સાથે જોડાયેલા હોવાની વિગતો ખુલી છે. પત્રકારોની એક એસોસિએશનના અધિકારીએ આજે અંગેની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, છેલ્લા સપ્તાહમાં અહીં આયોજિત કરવામાં આવેલા એક સ્પેશિયલ કેમ્પમાં મિડિયા કર્મીઓના પરીક્ષણ કરવામાં આવ્યા હતા જેમાં ૩૦થી વધુ પત્રકારો કોરોના પોઝિટિવ આવ્યા હતા. ટીવી જર્નાલિસ્ટ એસોસિએશનના અધ્યક્ષ વિનોદ જગદલેએ કહ્યું હતું કે, હજુ સુધી પ્રાપ્ત થયેલા પરીક્ષણના રિપોર્ટની સંખ્યા ઉપલબ્ધ થઈ નથી પરંતુ આશરે ૩૦ જેટલા પત્રકારો કોરોના પોઝિટિવ આવી ચુક્યા છે. વિનોદે કહ્યું હતું કે, આ આંકડો હજુ વધુ ઉપર જઈ શકે છે. બીએમસીના એક અધિકારીએ કહ્યું છે કે, મોટાભાગના મામલામાં કોઈપણ લક્ષણ જોવા મળ્યા નથી.

દેશમાં ૨૪ કલાકમાં ૧૫૦૦થી વધુ કેસ

મૃત્યુઆંક વધીને ૫૪૩એ પહોંચ્યો : કુલ સંક્રમિતોનો આંકડો ૧૭૨૬૫ને પાર, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત સૌથી વધુ પ્રભાવિત : રાજસ્થાનના નાગૌરમાં એક દિવસની નવજાત બાળકી કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી,તા.૨૦

દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ વાઈરસથી દેશમાં મૃત્યુ પામનારાની સંખ્યા ૫૪૩ થઈ ગઈ છે. તેમજ પોઝિટિવ કેસની સંખ્યા ૧૭ હજાર ૨૬૫ થઈ ગઈ છે. રાજસ્થાનના કોરોના હોટસ્પોટ બનેલા બાસની ગામમાં શનિવારે જન્મેલી બાળકી પણ સંક્રમિત મળી આવી છે. બની શકે છે કે આ દેશનો પહેલો એવો કેસ છે જેમાં એક દિવસની નવજાત બાળકી કોરોના પોઝિટિવ મળી છે.

તેમાંય ઈન્દોર, મુંબઈ, પુણે, જયપુર અને પશ્ચિમ બંગાળના કોલકાતા, હાવરા, ઈસ્ટ મિદનાપુર, નોર્થ ૨૪ પરગણા, દાર્જિલિંગ, કાલિમ્પોંગ અને જલપાયગુરીમાં સ્થિતિ વધુ ખરાબ હોવાનું કેન્દ્ર સરકાર દ્વારા જણાવાયું છે.

મહારાષ્ટ્રમાં કોરોનાના ૪,૨૦૩ કન્ફર્મ કેસો છે, અને ૨૨૩ લોકોના મોત થયા છે. મધ્ય પ્રદેશમાં ૧,૪૦૭ કેસો છે અને

૭૦ લોકોના મોત થયા છે. રાજસ્થાનમાં ૧,૪૭૮ કેસ નોંધાયા છે જ્યારે ૧૪ લોકોના મોત થયા છે. બંગાળાં ૩૩૯ પોઝિટિવ દર્દીઓ છે, અને ૧૨ લોકોના મોત થયા છે.

ગુજરાતમાં પણ કોરોનાનો આંકડો ૧૮૫૧ પર પહોંચ્યો છે. જોકે, રાજ્યમાં લોકડાઉનનું પાલન યોગ્ય રીતે પાલન કરાવવા ઉપરાંત, હોટ સ્પોટ્સમાં કરફ્યુનું પાલન કરાવાઈ રહ્યું છે. આ ઉપરાંત, ટેસ્ટિંગની સંખ્યામાં પણ મોટો વધારો કરવામાં આવ્યો છે.

દિલ્હીમાં કુલ કેસની સંખ્યા ૨૦૦૩ થઈ, ૨૯૦ દર્દીઓ સાજા થયા તો ૪૫ લોકોના મોત થયા છે. યુપીમાં કુલ કેસની સંખ્યા ૧૧૦૦ થઈ. અહીં એક જ

● અનુસંધાન પાના - ૭

કોરોનાના ડબલિંગ રેટમાં થયેલો ઉલ્લેખનીય સુધારો

સ્વસ્થ થવાના દરમાં પણ નોંધપાત્ર સુધારો દિલ્હીમાં કેસો ડબલ થવાના દિવસ ૮.૫ નોંધાયા

નવી દિલ્હી, તા. ૧૧

કોરોના કેસના ડબલિંગ રેટમાં સુધારો થઈ રહ્યો છે. સાથે સાથે લોકોના સ્વસ્થ થવાના દરમાં પણ વધારો થઈ રહ્યો છે. કોરોના વાયરસના આતંક વચ્ચે આજે નવા અને રાહત આપે તેવા હેવાલ આવ્યા હતા. કોરોના વાયરસના વધતા જતા કેસો વચ્ચે આરોગ્ય મંત્રાલય દ્વારા દેશના લોકોને સારા સમાચાર આપ્યા હતા. દેશમાં ૨૩ રાજ્યો અને કેન્દ્રશાષિત પ્રદેશોના ૫૯ જિલ્લા કોરોના મુક્ત થઈ ચુક્યા છે. દેશભરમાં સંક્રમણના દરમાં સુધારો થઈ રહ્યો છે. ડબલિંગ રેટ ૩.૪ ટકાથી વધીને ૭.૫ ટકા થઈ ગયો છે. કોરોના વાયરસના પરિણામ સ્વરુપે દેશભરમાં ૨૫૪૬ જેટલા દર્દીઓ સ્વસ્થ થઈ ચુક્યા છે. સ્વસ્થ થવાનો દરમાં પણ વધારો થયો છે. કોરોનાના આંકડા ઉપર નજર કરવામાં આવે તો દિલ્હીમાં કેસોની સંખ્યા ડબલ થવામાં ૮.૫ દિવસ લાગી રહ્યા છે જ્યારે કર્ણાટકમાં

● અનુસંધાન પાના - ૭

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગીની કર્તવ્યનિષ્ઠાને દેશ સલામ પાઠવે છે

દિલ્હીની એઇમ્સ હોસ્પિટલમાં પિતાના અવસાન છતાં યોગીએ મિટિંગ જારી રાખી

નવી દિલ્હી, તા. ૨૦

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના પિતા આનંદ સિંહ બિષ્ટનું આજે અવસાન થયું હતું. સવારે દિલ્હીના ઓલઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સમાં તેમનું અવસાન થયું હતું. તેમની હાલત ગંભીર બનેલી હતી અને વેન્ટીલેટર સપોર્ટ ઉપર રાખવામાં આવ્યા હતા. પિતાના અવસાનના સમાચાર મળ્યા હોવા છતાં યોગી આદિત્યનાથે મુખ્યમંત્રી પદની જવાબદારી અદા કરી હતી અને બેઠક છોડીને નિકળી ગયા ન હતા. મિટિંગ ચાલી રહી હતી ત્યારે જ યોગી આદિત્યનાથને પિતાના અવસાનના સંદર્ભમાં માહિતી આપવામાં આવી હતી તે વખતે યોગી આદિત્યનાથ લખનૌમાં હતા અને પોતાની કોર ટીમની સાથે લોકડાઉનમાં છુટછાટ આપવાને લઈને વાતચીત કરી રહ્યા હતા. સમાચાર આવ્યા બાદ પણ યોગીએ મિટિંગ ચાલુ રાખી હતી. તબિયત ખરાબ થયા બાદ યોગીના પિતાને ૧ ઉમી માર્ચના દિવસે એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા.

● અનુસંધાન ● અનુસંધાન પાના - ૭